**“Swachchta Hi Seva” abhiyan awareness through wall painting**

Sanitation and hygiene is not a work which we should do forcefully. It is a good habit and healthy way of our healthy life which should be done regularly. All type of cleanliness is essential for our good health whether it is personal cleanliness, surrounding cleanliness, environment cleanliness or work place cleanliness. Therefore, to extend the awareness message on 28/09/2018, C. G. Bhakta Institute of Biotechnology unit of Social service club, Uka Tarsadia University joined in “Swachchta Hi Seva” abhiyaan. 27 student volunteers along with 5 faculty members (Dr. Dhruti Amin, Ms. Vrutika Lad, Mr. Rajashekar Ingalhali, Dr. Meionis Pithawala and Mr. Sanjay Patel) collected fund from all students and faculties of C.G.B.I.B.T institute for purchasing painting materials and taken permission from Bardoli Nagarpalika Sanitary Section and Bardoli Taluka Panchayat (T.D.O) for using public walls. The message of “Swachh Bharat/Save Water/Say no to plastic, Save the river/ Use dry and wet dustbin, spread through wall painting activity at various public places (i.e. Mindhola bridge and Taluka panchayat walls), Bardoli.












SWACHH BHARAT


USE
ME
स्वच्छता
ही
सेवा
UTU


SWACHH BHARAT
CGBIBT, UTU




CGBIBT
UTU
પાણી
બચાવશો
તો, પાણી
તમને બચાવશે







# છાત્રોએ દિવાલ પર કંડાર્યા સ્વચ્છતાના સંદેશ

## જાહેર સ્થળોએ દિવાલો પર ચિત્રો દોરી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | બારડોલી



જાહેર સ્થળોએ દિવાલ પર સ્વચ્છતા જાગૃતિ માટે ચિત્રો દોરનારા છાત્રો.

સી. જી. ભક્ત ઈન્સ્ટીટ્યુટ ઓફ બાયોટેકનોલોજી ઉકા તરસાડિયા યુનિર્વસિટી, સોશિયલ સર્વિસ કલબ દ્વારા 28મી સપ્ટેમ્બરના રોજ સ્વચ્છતા હી સેવા વિષયને ધ્યાનમાં લઈને જાહેર સ્થળોએ દીવાલ પર ચિત્રકામ પ્રવૃત્તી કરવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓ દ્વારા જાહેર સ્થળોએ દિવાલો પર ચિત્રો દોરી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મળતી વિગતો મુજબ બારડોલી નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર રાજેશભાઈ ભટ્ટ અને બારડોલી તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી ગોવિંદભાઈ એસ. રાઠવા પાસેથી પરવાનગી મેળવ્યા બાદ બારડોલીના જાહેર સ્થળો જેવાકે મીંઢોળા નદીનો પુલ ને તાલુકા પંચાયત કચેરીની દીવાલ પર સ્વચ્છતા હી સેવા વિષયના અનુસંધાન મુજબ 27 વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રકામ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ આ કાર્ય પુરુ કરવા માટે સી. જી. ભક્ત ઈન્સ્ટીટ્યુટ ઓફ બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા ફાળો એકઠો કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તીમાં કોલેજના વિદ્યાર્થીઓ પ્રાધ્યાપકો અને ડિરેક્ટર ડો. ક્રિષ્ણામૂર્તિએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સંપૂર્ણપણે પૂર્ણ કરવા પાછળ યુનિર્વસિટીના પ્રોવોસ્ટર ડો. દિનેશ આર. શાહની સલાહ અને સહકાર હતો.

## સંદેશ વિશેષ

### ઉકા તરસાડિયાના વિદ્યાર્થીઓએ ચિત્રો દોર્યા



બારડોલી: સી.જી.ભક્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજી, ઉકા તરસાડિયા યુનિવર્સિટી, સોશિયલ સર્વિસ ક્લબ દ્વારા સ્વચ્છતા હી સેવા વિષયને ધ્યાનમાં લઈને જાહેર સ્થળોએ દીવાલ ઉપર ચિત્રકામ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. બારડોલી નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર રાજેશભાઈ ભટ્ટ અને બારડોલી તાલુકાના પંચાયતના તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ) ગોવિંદભાઈ એસ. રાઠવા પાસેથી પરવાનગી મેળવ્યા બાદ બારડોલીના જાહેર સ્થળો જેવા કે મિંઢોળા નદીનો પુલ અને તાલુકા પંચાયત કચેરીની દીવાલો પર સ્વચ્છતા હી સેવા વિષયના અનુસંધાન મુજબ ૨૭ વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રકામ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ આ કાર્ય પૂરું કરવા માટે સી.જી.ભક્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજીના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા ફાળો એકઠો કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને ડિરેક્ટર ડો. ક્રિષ્નમૂર્તિ એ ભાગ લીધો હતો.